# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-03-2025** **Morning : 7.10 to 7.20**

**Day : Tuesday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ‘એક પેડ મા કે નામ ’ અને વરસાદી પાણીના સંગ્રહના અભિયાનમાં જોડાવવા લોકોને અનુરોધ કર્યો.

2) ગુનાહિત ઇતિહાસ ધરાવતા અસામાજિક તત્વો સામે આજથી જ પગલાં લેવા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીનો આદેશ.

3) A.T.S. અને D.R.I.એ અમદાવાદના એક એપાર્ટમેન્ટમાંથી 90 કિલોનું સોનું કબજે કર્યું.

4) ધોલેરા SIR સંપૂર્ણ રીતે કાર્યરત્ થતાં આઠ લાખ જેટલી રોજગારીનું સર્જન થશે.

5) રાજ્યમાં આગામી પાંચ દિવસ કાળઝાળ ગરમીમાંથી રાહત મળવાની હવામાન ખાતાની આગાહી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM SURAT

સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલા શ્રી ઉમિયા માતાજીના મંદિરના ઉમાપુરમ્ દશાબ્દિ મહોત્સવની ઉજવણીમાં ગઈકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા. દરમિયાન તેમણે ‘એક પેડ મા કે નામ ’ અને વરસાદી પાણીના સંગ્રહના અભિયાન ‘કેચ ધ રેઈન ’માં જોડાઈ તેને પોતાનો સ્વભાવ બનાવવા લોકોને અપીલ કરી હતી. આ ઉપરાંત શ્રી પટેલે શહેરની સ્વચ્છતાની કાયમી જાળવણી કરવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરી લોકોને આદર્શ નાગરિક બનવા પણ આહ્વાન કર્યું હતું.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# SANGHAVI ACTION

રાજ્યના કાયદા અને વ્યવસ્થા અંગે યોજાયેલી બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ અધિકારીઓને અનેક આદેશ આપ્યા છે. તેમણે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયના આદેશથી 100 કલાકમાં તૈયાર કરાયેલી અસામાજિક તત્વોની યાદી પર પગલા લેવા આદેશ આપ્યો છે. શ્રી સંઘવીએ ગુનાહિત ઇતિહાસ ધરાવતા અસામાજિક તત્વો સામે આજથી જ પગલાં લેવા જણાવ્યું છે.

આ ઉપરાંત જાહેર માર્ગ કે જગ્યાઓ પર લોકોને હેરાન કરતા લોકો, હથિયારો અને પ્રતિબંધિત વસ્તુઓ સાથે ફરતા લોકો અને તમામ સરહદી જિલ્લાઓ પરની સરહદ પર સઘન તપાસની વ્યવસ્થા કરવા પણ શ્રી સંઘવીએ આદેશ આપ્યા છે.

બીજી તરફ , હવે Dy.SP, S.P., D.C.P. અને તેનાથી ઉપરના તમામ અધિકારીઓએ પોતા નું રિપોર્ટ કાર્ડ રાજ્ય પોલીસ વડાને મોકલવું પડશે. ગૃહ રાજ્યમંત્રી અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ તમામ રિપોર્ટ કાર્ડની સમીક્ષા કરશે. બેઠકમાં શ્રી સંઘવીએ અધિકારીઓ અરજદારોને રૂબરૂ મળે તેના પર પણ ભાર મૂક્યો હતો.

. . . . . . . . . . . . .

# HEALTH WORKER STRIKE

વિવિધ પડતર પ્રશ્નોના ઉકેલની માંગણી સાથે રાજ્યના આરોગ્ય કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર છે. ત્યારે ગાંધીનગરમાં આરોગ્ય કર્મચારી સંગઠનના આગેવાન રણજીતસિંહ મોરીએ જણાવ્યું હતું કે, આરોગ્યકર્મીઓની અચોક્કસ મુદ્દતની હડતાળ યથાવત્ છે. કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માંર્ગે આંદોલન કરી રહ્યા છે.. તેમણે કહ્યું કે પગાર અને ખાતાકીય પરીક્ષા રદ કરવા જેવી માંગણીઓ છે તે વાજબી છે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR

ભાવનગરની ગઢેચી નદી પાસેનાં ગેરકાયદે 811 જેટલા દબાણને દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. પાંચ દિવસમાં તમામ ગેરકાયદે દબાણ દૂર કરાશે તેમ મહાનગરપાલિકાનાં અધિકારી મહિપાલસિંહ ગોહિલે જણાવ્યું હતું.

(બાઈટ--મહિપાલસિંહ ગોહિલ, ભાવનગર)

. . . . . . . . . . . . .

# AMDAVAD GOLD SEIZED

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમૅન્ટમાંથી 83 કરોડ રૂપિયાનું સોનું કબજે કરાયું છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે , આતંકવાદ વિરોધી દળ- A.T.S. અને ડિરેક્ટોરેટ ઑફ રેવન્યૂ ઇન્ટેલિજૅન્સ- D.R.I.ની ટુકડીએ પાલડીના આવિષ્કાર એપાર્ટમૅન્ટ અને તેની નજીક આવેલા એક બંગલામાં દરોડા પાડ્યા હતા.

દરમિયાન 90 કિલોથી વધુનું સોનું કબજે કર્યું હતું , જેની બજાર કિંમત 83 કરોડ રૂપિયાની આસપાસ થતી હોવાનું જણાયું છે. આ સોનું ક્યારે લવાયું અને શા માટે અહીં રાખવામાં આવ્યું હતું. તે અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . .

# JAGDISH VISHWAKARMA

ધોલેરા SIR સંપૂર્ણ રીતે કાર્યરત્ થતાં આઠ લાખ જેટલી રોજગારીનું સર્જન થશે. વિધાનસભા ગૃહમાં ધોલેરા અંગેના પ્રશ્નોનો જવાબ આપતા રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું કે ધોલેરા SIR ખાતે ટાટા પાવર દ્વારા ૩૦૦ મેગા વોટનો સોલાર પ્લાન્ટ પ્રસ્થાપિત કરાયો છે. સમગ્ર દેશમાં પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન ફેસિલિટી નિર્માણની કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. સમગ્ર ધોલેરા SIR દ્વારા ભવિષ્યમાં આઠ લાખ જેટલી રોજગારીનું સર્જન થવાની શક્યતા છે

અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વેથી ધોલેરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અંગેના પ્રશ્નનો જવાબ આપતાં તેમણે જણાવ્યું કે ગ્રીન ફિલ્ડ અલાયમેન્ટમાં 550 કરોડ રૂપિયાનાં ખર્ચે સાડા નવ કિલોમીટર લંબાઇના લિંક રોડનું બાંધકામ હાથ ધરાશે. જ્યારે 109 કિલોમીટરની લંબાઇના અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેની કામગીરી કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેની કામગીરી મે-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# ARVALLI GANJA

અરવલ્લી જિલ્લા પોલીસે ડ્રોનની મદદથી નશીલા પદાર્થનું વાવેતર પકડ્યું છે. સ્થાનિક ગુનાશાખા- L.C.B.ની ટીમને માલપુર તાલુકાના હાથીખાંટના મુવાડા ગામમાં નશીલા પદાર્થનું વાવેતર થતું હોવાની માહિતી મળી હતી. પોલીસે તપાસ કરતાં ખેતરમાંથી નશીલા પદાર્થના નાના-મોટા 350 જેટલા છોડ મળ્યા હતા. આ સાથે જ પોલીસે 12 લાખથી વધુનો માલસામાન કબજે કર્યો હતો. તેમ જ એક વ્યક્તિ સામે ગુનો નોંધી તેને પકડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અરવલ્લી જિલ્લાનાં પોલીસ વડા શૈફાલી બરવાલે માહિતી આપી.

**(બાઈટઃ શૈફાલી બારવાલ, SP, અરવલ્લી)**

. . . . . . . . . . . . .

# GANDHINAGAR SCIENTIST

અવકાશમાં ફસાયેલાં અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બૂચ વિલ્મોર આઠેક મહિના પછી ધરતી પર પરત ફરશે. આ ઘટના અંગે રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોૉજી વિભાગના વડા નરોત્તમ સાહુએ અવકાશયાત્રીઓના ધરતી પર પરત ફરવા અંગેની પ્રક્રિયા અંગે માહિતી આપી હતી.

(બાઈટઃ નરોત્તમ સાહુ, વડા, વિજ્ઞાન અને ટેક્નોલોૉજી)

. . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ કાળઝાળ ગરમીમાંથી રાહત મળશે. તેમ છતાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ ભેજયુક્ત પવનના કારણે બફારાનો અનુભવ થઈ શકે છે. આ ઉપરાંત રાજ્યના તમામ જિલ્લાઓનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસથી ઓછું રહેવાની પણ શક્યતા હોવાનું હવામાન ખાતાના નિદેશક ડૉ. એ. કે. દાસે જણાવ્યું છે. તેમણે કહ્યું , રાજ્યમાં ગત બે દિવસથી મહત્તમ તાપમાનમાં ઘટાડો આવતા ગરમીથી આંશિક રાહત મળી છે.

શ્રી દાસે ઉમેર્યું, રાજ્ય પર હાલમાં ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે. તાજેતરમાં જ ઉત્તર ભારતના વિસ્તારોનું વાતાવરણ બદલાતા ત્યાં ઠંડક પ્રસરી છે અને તે દિશા તરફથી ગુજરાતમાં પવન આવી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# Panchmahal - Plastic

પંચમહાલ જિલ્લા સહિત હાલોલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ જીઆઇડીસી ખાતે પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉત્પાદન સંગ્રહ વેચાણ અને ઉપયોગના નિયંત્રણ માટે જિલ્લા કલેકટરે કાર્યદળની રચના કરી છે. આ દળ સિંગલ યુઝ પ્લાસ્ટિક થેલી બનાવતા ઉત્પાદકોની તપાસ કરીને કાર્યવાહી કરશે. આ અંગે જિલ્લા કલેક્ટર આશિષ કુમારે માહિતી આપી.

(બાઈટ : આશિષ કુમાર, જિલ્લા કલેકટર, પંચમહાલ)

. . . . . . . . . . . . .